# કાશીમાં નમો નમઃ, જોષી કાનપુરમાં

## મોદી વારાણસી, રાજનાથસિંહ લખનૌ અને ઉમા ભારતી ઝાંસીથી ચૂંટણી લડશે





ગાંધીનગર, તા. ૧૫

આજે ૧૧ કલાકથી વધુ ચાલેલી ભાજપની ચૂંટણી સમિતિની બેઠકે ઉત્તરપ્રદેશના ૫૪ ઉમેદવારોની પસંદગી પૂર્ણ કરી છે. જેમાં વારાણસીની બેઠક પર ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની પસંદગી કરવામાં આવી છે.

વારાણસીના વર્તમાન સાંસદ મુરલી મનોહર જોષી કાનપુરથી ચૂંટણી લડશે જ્યારે લખનૌની બેઠક પરથી પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી રાજનાથસિંહની પસંદગી કરાઈ છે.

ઉત્તરપ્રદેશમાં બેરાની બેઠક માટે શ્રી કલ્યાણસિંહ, પીલીભીતની બેઠક માટે મેનકા ગાંધી, સુલ્તાનપુર બેઠક માટે વરૂણ ગાંધી, દેવરિયાની બેઠક માટે કલરાજ મિશ્રાની પસંદગી કરવામાં આવી છે. ઝાંસીની બેઠક માટે સાધ્વી ઉમાભારતીની પસંદગી કરવામાં આવી છે.

વારાણસીની બેઠક પર મોદીની નામની જાહેરાત થાય તે પૂર્વે જ વારાણસીમાં તેમની પસંદગી કરાતાં જ વારાણસીમાં શંખનાદ, આતશબાજી કરી કાર્યકરોએ જશ્નો મનાવ્યો હતો.







## આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોની છઠ્ઠી યાદી જારી

નવીદિલ્હી,તા.૧૫

આમ આદમી પાર્ટીને લઈને હાલમાં લોકોમાં અને તેમની પાર્ટીમાં પણ નારાજગી દેખાઈ રહી છે ત્યારે પક્ષમાં રહેલા અસંતોષને દૂર કરવાના પ્રયાસ એએપી દ્વારા પણ હાથ ધરવામાં આવ્યા છે. આના ભાગરુપે જ આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોની તેની છઠ્ઠી યાદી જારી કરી દીધી હતી. પાર્ટીએ આ યાદી જારી કરીને હાલમાં નારાજ રહેલા શાજિયા ઈલ્મીને ગાઝિયાબાદમાંથી મેદાનમાં ઉતારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શાજિયા ઈલ્મીને ગાઝિયાબાદમાંથી ટિકિટ મળતા શાજિયા ખુશ દેખાઈ રહ્યા છે. આ અગાઉ શાજિયાને રાયબરેલીથી મેદાનમાં ઉતારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પરંતુ શાજિયા રાયબરેલીમાંથી ચૂંટણી લડવાનો ઈન્કાર કરી દીધો હતો. અહીં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી ચૂંટણી મેદાનમાં ઉતરનાર છે. શાજિયાની નારાજગીની સામે આમ આદમી પાર્ટીના ટોચના નેતાઓ ઝુકી ગયા હતા. આમ આદમી પાર્ટીની ઉમેદવારોની છઠ્ઠી યાદી આજે જારી થઈ ગઈ હતી. આ છઠ્ઠી યાદીમાં ૯૫ ઉમેદવારોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમ આદમી પાર્ટી દ્વારા હજુ સુધી લોકસભાની ચૂંટણી માટે ૨૪૨ ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. આની સાથે જ છત્તીસગઢના બસ્તરમાંથી નકસલવાદીઓ સાથે સંબંધ રાખવાના આરોપમાં જેલમાં જઈ ચુકેલા સોની સોરીને પણ ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. જો કે, સોની સોરીને થોડાક દિવસ પહેલા તમામ આરોપોમાંથી મુક્ત કરી દીધા છે. નવી યાદીમાં છત્તીસગઢ, દમણ અને દીવ, ગોવા, કેરળ, મહારાષ્ટ્ર, મણિપુર, મેઘાલય, મધ્યપ્રદેશ, ઓરિસ્સાના ઉમેદવારોના નામનો ઉલ્લેખ છે. આ ઉપરાંત રાજસ્થાનમાં ચુરુ, જયપુર શહેર, અલવર, ભીલવાડા, ઉદયપુરની બેઠક માટે ઉમેદવારોના નામ જાહેર કરાયા છે. ઉત્તરપ્રદેશમાંથી પણ ઉમેદવારોના નામ જાહેર કરાયા છે. એકંદરે ૫૫ ઉમેદવારોની યાદી જાહેર કરાઈ છે. આ યાદીમાંથી ગુજરાતના ઉમેદવારોના નામનો ઉલ્લેખ નથી.



## હિંસક અથડામણો બાદ કુમાર વિશ્વાસની સામે એફઆઈઆર

અમેઠી,તા.૧૫

આમ આદમી પાર્ટીના નેતા કુમાર વિશ્વાસ અને ગામના વડા સામે આજે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. શુક્રવારે રાત્રે તેમના સમર્થકો વચ્ચે હિંસક અથડામણ થયા બાદ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. બીજી બાજુ કોંગ્રેસે કુમાર વિશ્વાસના એવા આક્ષેપને ફગાવી દીધો છે કે, તેના કાર્યકરો પણ હિંસામાં સામેલ હતા. સ્ટેશન ઓફિસર એપી તિવારીએ માહિતી આપતા કહ્યું છે કે, કુમાર વિશ્વાસ અને તેમના ૬૫ સમર્થકો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. આ ઉપરાંત એક બીજા ઉપર હુમલા કરવા બદલ સિંધૂદુર્ગ ગામના ગ્રામપ્રધાન ઈશાક અહેમદ અને ૨૦ સાથીઓ સામે પણ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. તેમની પાર્ટીના સભ્યોએ તેમના ઉપર હુમલો કર્યો હતો તેવા કુમાર વિશ્વાસના આક્ષેપે કોંગ્રેસે ફગાવી દીધો છે અને કહ્યું છે કે કુમાર વિશ્વાસ અને આમ આદમી પાર્ટી દ્વારા બિનજરૂરીરીતે દહેશત ફેલાવવામાં આવી રહી છે. અંધાધૂંધી ફેલાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. રાહુલ ગાંધીના પ્રતિનિધિ ચંદ્રકાંત દુબેએ આક્ષેપ કર્યો છે કે, જ્યારથી કુમાર વિશ્વાસ આવ્યા છે અમેઠીમાં વાતાવરણને બગાડવાના પ્રયાસ થઈ રહ્યા છે. વિશ્વાસ પહેલા અન્ય ઘણી પાર્ટીઓ દ્વારા તેમના ઉમેદવાર ઉતારવામાં આવ્યા છે પરંતુ કોંગ્રેસના સભ્યો ઉપર હિંસક અથડામણના આક્ષેપો ક્યારેય કરવામાં આવ્યા નથી. વિશ્વાસને લોકોનો ટેકો મળી રહ્યો નથી જેથી તેઓ હવે આ પ્રકારની ગતિવિધિમાં લાગી ગયા છે. દુબેએ એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસને ગઈકાલે બનેલા હિંસાના બનાવ સાથે કોઈ લેવા દેવા નથી. દુબેએ એમ પણ કહ્યું હતું કે, વિશ્વાસ અમેઠીના વિકાસ અંગે પણ ચિંતિત છે. આચારસંહિતાનો ભગ કરવાના આક્ષેપોમાં જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તપાસ ચાલી રહી છે. કુમાર વિશ્વાસ ઉપર કલમ ૧૪૪ નહીં માનવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

## કોંગ્રેસની સાથે કોઈ જોડાણ કરવા રાવનો સ્પષ્ટ ઈનકાર

નવી દિલ્હી,તા.૧૫

ટીઆરએસના વડા કે ચંદ્રશેખર રાવે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, તેમની પાર્ટી તેલંગાણા રાષ્ટ્રીય સમિતિ (ટીઆરએસ) તેલંગાણામાં આગામી ચૂંટણીમાં કોંગ્રેસ સાથે કોઈપણ ચૂંટણી જોડાણ કરશે નહીં. ચૂંટણી જોડાણના સંદર્ભમાં ટીઆરએસ અને કોંગ્રેસ વચ્ચે મતભેદો ઉભા થયા છે તેવા સંકેત વચ્ચે કોંગ્રેસના જનરલ સેક્રેટરી દિગ્વિજયસિંહે આજે કહ્યું હતું કે, તેમની પાર્ટી તેલંગાણામાં તમામ બેઠકો ઉપર ચૂંટણી લડવા તૈયાર છે. તેલંગાણા બિલ પસાર થયું તે પહેલા ટીઆરએસના પ્રમુખે અમને એવું નિવેદન આપીને ખાતરી આપી હતી કે, તેલંગાણા ઉપર સહમતી થઈ જશે તો અમે કોંગ્રેસ સાથે મર્જ થઈ જઈશું પરંતુ ત્યારબાદ ચંદ્રશેખર રાવે હવે પીછેહઠ કરી છે. જ્યાં સુધી અમારી વાત છે ત્યાં સુધી અમે કોઈપણ પરિસ્થિતિમાં લડવા માટે તૈયાર છે. વિધાનસભાની તમામ ૧૧૯ બેઠકો ઉપર લડવા માટે પણ અમે તૈયાર છે. સંસદની તમામ બેઠકો ઉપર લડવા માટે પણ તૈયાર છે. સંસદની તમામ ૧૭ બેઠકો ઉપર લડવા માટે પણ અમે તૈયાર છે. હૈદરાબાદ પ્રેસ કલબ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં વાત કરતા સિંહે આ મુજબની વાત કરી હતી. આંધ્રપ્રદેશમાં કોંગ્રેસની બાબતોના ઈન્ચાર્જ સિંહે કહ્યું હતું કે, તેઓ ટીઆરએસના નેતા કેશવ રાવ સાથે વાતચીત કરી ચુક્યા છે. કેશવ રાવે દિલ્હીમાં વાત કરવાની વાત કરી હતી પરંતુ આ બાબત શક્ય બની ન હતી. એઆઈસીસીમાં એકે એન્ટોનીના નેતૃત્વમાં એક કમિટિ છે જે ગઠબંધનના મુદ્દા ઉપર વાત કરે છે. જો અમને ટીઆરએસ તરફથી નક્કર દરખાસ્ત મળશે તો આગામી ચૂંટણી અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે. ટીઆરએસના કેટલાક નેતાઓ કોંગ્રેસમાં સામેલ થવાની યોજના ધરાવે છે તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, તેઓ તેલંગાણામાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓનો સંપર્ક કરી શકે છે. જો તેઓ હકીકતમાં કોંગ્રેસમાં સામેલ થવા ઈચ્છે છે તો વાતચીત થઈ શકે છે. ચંદ્રશેખર રાવે કહ્યું છે કે, તેલંગાણામાં આગામી ચૂંટણીમાં કોંગ્રેસ સાથે કોઈપણ ચૂંટણી જોડાણ કરવામાં આવશે નહીં. ચંદ્રશેખર રાવ હવે અલગ વલણ અપનાવી રહ્યા છે.



## હોલિ ડે સિઝનને લઈ વિમાની ભાડામાં ૩૦ ટકા સુધી ઘટાડો

નવી દિલ્હી,તા.૧૫

ભારતના સામાન્ય હોલિડે હોટ સ્પોર્ટ આ ઉનાળાની સિઝનમાં ભરચક નજરે પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. પ્રવાસ બુકીંગને વધારવા માટે લો કોસ્ટ એરલાઈન્સ સ્પાઈસ જેટ અને ઈન્ડિગોએ વિમાની ભાડામાં ઘટાડો કરી દીધો છે. આવનાર દિવસોમાં પ્રવાસ બુકીંગમાં તીવ્ર વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. હોલિ ડે સિઝન નજીક આવી પહોંચી છે. સ્પાઈસ જેટ અને ઈન્ડિગો જેવી લો કોસ્ટ એરલાઈન્સ દ્વારા ટિકિટોની કિંમતમાં તમામ સેક્ટરોમાં ૧૫થી ૩૦ ટકાનો ઘટાડો કરી દેવામાં આવ્યો છે. આના પરિણામ સ્વરૂપે પ્રવાસ બુકીંગમાં ૨૦થી ૩૦ ટકાનો વધારો થઈ ચૂક્યો છે. આ ઉનાળાની સિઝનમાં હોલિ ડે ઉપર જવા ઈચ્છુક લોકોમાં લેહ, શ્રીનગર અને ગોવા સૌથી હોટ સ્થળ બનેલા છે જેથી આ રૂટ ઉપર બુકીંગ ઝડપથી ચાલી રહ્યું છે. બુકીંગ પ્રવાહમાં આવનાર દિવસોમાં હજુ વધારો થઈ શકે છે. હોલિડે સિઝનની શરૂઆત એપ્રિલમાં મૂળભૂત રીતે શરૂ થાય છે. એ વખતે દેશના મોટાભાગની સ્કૂલોમાં ઉનાળાની રજા જાહેર થઈ જાય છે. કેટલાક વિસ્તારોમાં જૂનના અંત સુધી આ રજાઓ રહે છે. ઉત્તરમાં કેટલીક જગ્યાઓએ જૂન સુધી સ્કૂલ ખુલે છે આવી સ્થિતિમાં બજેટ એરલાઈન્સ આ પ્રવાસ સિઝનનો લાભ લેવાનો હમેશા પ્રયાસ કરે છે. દિલ્હીથી ગોવા માટે એકબાજુની ટિકિટનો દર ડિસ્કાઉન્ટ બાદ ૩૨૯૯ રૂપિયા થઈ જશે જે સ્પોટ કિંમત કરતા ખૂબ ઓછી કિંમત રહેશે. હોલિ ડેની સિઝનમાં લાભ લેવાના પ્રયાસમાં પહેલાંથી જ આકર્ષક યોજનાઓ તૈયાર કરવામાં આવે છે. માત્ર લો કોસ્ટ એરલાઈન્સો જ નહીં બલ્કે હોટલ ઉદ્યોગમાં પણ તેજી જામે છે. સમર સિઝનમાં એડવાન્સ બુકીંગમાં ૩૫ ટકાની આસપાસનો વધારો થઈ જાય છે તેવો મત ટ્રાવેલ કંપનીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

માત્ર ભારતમાં જ નહીં બલ્કે અન્ય નજીકના દેશોમાં જવાની ઈચ્છા પણ ભારતીય લોકો ધરાવે છે જેમાં સિંગાપુર, મલેશિયાનો સમાવેશ થાય છે. જાન્યુઆરીથી માર્ચના ત્રિમાસિક ગાળામાં મોટાભાગે પ્રવાસ સિઝનમાં ઉદાસીનતા રહે છે. કારણ કે આ ગાળામાં પરીક્ષાઓ યોજાય છે પરંતુ એપ્રિલ મહિનાથી હોલિ ડે સિઝનની જોરદાર શરૂઆત થઈ જાય છે. પોષાય તેવા હોલિ ડે પેકેજની ઓફર કરનાર મુંબઈ સ્થિત અકબર હોલિ ડેનું કહેવું છે કે વિમાની ભાડામાં ઘટાડો કરવામાં આવ્યા બાદ હોલિ ડે પેકેજના વેચાણમાં ૧૫ ટકાનો વધારો થઈ શકે છે. સૌથી લોકપ્રિય સ્થળ હાલમાં કાશ્મીર છે. પ્રવાસીઓ મોટાભાગે અહીંની ટિકિટ બુકીંગ કરાવવાને પ્રાથમિકતા આપે છે. આવી જ રીતે લેહ અને ગોવા પણ પ્રવાસી સ્થળ પૈકીના રહ્યા છે.

### વાત કાનૂન કાયદાની (પાના નં. ૪ નું ચાલુ)


(પાના નં. ૪ નું ચાલુ)

પ્રતિ ચોરસ મીટર રૂા.૨૫/- થી લઈને આકરણી કરી જે તંત્ર દ્વારા નક્કી કરવામાં આવે તે રકમ કબજા ધારકોએ સરકારમાં ભરપાઈ કરવાથી આવા પ્રકારના વાડા નિયમબધ્ધ કરાવી શકાશે જેનાથી સરકારને પણ રેવન્યુની ઉપજ થશે તેમજ ગેરકાયદેસરના વાડાઓ વારસાઈ હકકથી કે કબજા હકકથી નિયમબધ્ધ થતા પશુપાલકો ખેડૂતો વાડાપાત્રક પોતાના નામે, ખાતે પણ થતા આવા વાડા અન્યત્ર વેચાણ કરી પોતાની જરૂરીયાતો પણ પૂરી કરી શકશે. વાડામાં બાંધેલા ઘાસ, ચારા કે ખેતીના ઓજારો રાખવાની જગ્યા પણ નિયમબધ્ધ થશે ઘણી જગ્યાએ તો ખેડૂતો પશુપાલકો પોતાના ઢોરઢાંખર, ઓજારો, ખેતીના પાકને સાચવવા માટે વાડામાં જ મકાન, ઓરડી કે ઝૂંપડી બનાવી પોતાનું રહેણાંક બનાવે છે તેવા કેસોમાં પણ વાડા પત્રકની આકરણી કરી નિયમબધ્ધ રકમ સરકારશ્રીમાં જમા કરાવવાની આકારણી પત્રકમાં કબજા ધારકનું નામ ચઢશે જેનાથી હજારો ખેડૂતો, પશુપાલકોને ફાયદો થશે તથા વાડા પત્રકથી કાયદેસરની માલીકી પોતાની થશે. તલાટી, મામલતદાર, પ્રાંત અધિકારી તથા જીલ્લા વિકાસ અધિકારીને આવા વાડા નિયમબધ્ધ કરવાની કામગીરી સોંપવામાં આવેલ છે.

## જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષાથી જનજીવન ખોરવાયું

શ્રીનગર,તા.૧૫

જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં હિમવર્ષા અને ભારે વરસાદ થઈ રહ્યો છે જેના પરિણામ સ્વરુપે જનજીવનને માઠી અસર થઈ છે. એક બાજુ ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે. વિશ્વ પ્રસિદ્ધ સ્કી રિસોર્ટમાં ભારે હિમવર્ષા થઈ છે જ્યારે શ્રીનગર અને અન્ય મેદાની ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. આજે સવારમાં ગુલમર્ગ અને અન્ય ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ હતી જ્યારે શ્રીનગર અને અન્ય મેદાની ભાગોમાં ભારે વરસાદ થયો હતો. જેથી તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સ્થિતિના પરિણામ સ્વરુપે જમ્મુ કાશ્મીરમાં હાલમાં હિમવર્ષા અને વરસાદ થઈ રહ્યો છે. મંગળવાર સુધી લોકોને કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. હવામાન ખાતાએ આગાહી કરી છે કે, ૧૮મી માર્ચ સુધી હવામાનની વર્તમાન પરિસ્થિતિના પરિણામસ્વરુપે ઘણા વિસ્તારોમાં હિમવર્ષા અને ઘણા ભાગોમાં વરસાદ પડી શકે છે. ૧૫મી માર્ચથી ૧૮મી માર્ચ વચ્ચેના ગાળામાં જમ્મુ કાશ્મીર અને આસપાસના વિસ્તારોમાં નવેસરથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સ્થિતિ રહી શકે છે. હવામાનની પ્રવર્તમાન સ્થિતિ હેઠળ હાલ કોઈ રાહત મળવાની શક્યતા દેખાઈ રહી નથી. લડાખ પ્રદેશ અને ખાસ કરીને ઝોઝીલા, દ્રાસ અને કારગિલની પહાડીમાં ભારે હિમવર્ષા થશે. હવામાન ખાતાએ કેટલાક વિસ્તારોમાં અતિ ભારે હિમવર્ષાની ચેતવણી પણ આપવામાં આવી છે જેના કારણે લોકોને સાવધાન રહેવા કહેવામાં આવ્યું છે. લડાખ પ્રદેશમાં કારગિલમાં માઈનસ ૮.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જ્યારે લેહમાં માઈનસ ૪.૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. કાશ્મીર ખીણમાં ઉત્તર કાશ્મીરમાં ગુલમર્ગમાં સૌથી વધારે ઠંડી નોંધાઈ છે.અહીં તાપમાન માઈનસ ૧.૬ ડિગ્રી થયું હતું.



### રંગ-ઉત્સવનું પર્વ હોળી-ધુળેટી (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

વસંત માટે આંગણિયે,
પૂછે સરનામું તારૂં
કેટલું મેં સમજાવ્યું એને,
અલી, આ ઘર છે મારું

*- તુષાર શુક્લ*

વસંતવાયુનાં ચિંતન - મનનથી ખેલું છું
કફ્સમાં કેદ છું. કિન્તુ યમનથી ખેલું છે.

*- કમર જૂનાગઢી*

કવિશ્રી બાલમુકુન્દ દવેએ એક સુંદર રચના કરી છે.
ફાગણ ફટાયો આયો, સમણાંની શાલ વીંટાયો,
કીકીમાં કેફ ઘૂંટાયો, રંગ છાયો રંગ છાયો રે...
ભારતવર્ષના સમગ્ર દેશનાં અલગ અલગ રાજયોમાં
હોળીનો ત્યોહાર અલગ અલગ નામથી ઊજવવામાં આવે છે.

(૧) વ્રજમાં બરસાનાની લઠ્ઠમાર હોળી.

અહીં મહિલાઓનાં હાથમાં મોટી લાકડીઓ હોય છે, અને પુરૂષોએ એ લાકડીઓનાં પ્રહારથી બચી અહીંના રાધા મંદિર પર ધ્વજ લહેરાવવાનો હોય છે. પુરૂષો છાબડી જેવી ઢાલ રાખે છે, આ હોળી શ્રીકૃષ્ણ અને રાધાજી વચ્ચેના થયેલા સંવાદ પર આધારિત છે.

(૨) ફાલેનની વીર પૂંજા

મથુરાથી ૫૩ કિ.મી. દૂર આવેલા ફાલેન ગામાં લોકો એકબીજા પર સળગતા અંગારા ફેંકે છે.

(૩) પંજાબ અને હરિયાણામાં હોળીને પૌરુષના પ્રતીક રીતે ઉજવવામાં આવે છે.

(૪) રાજસ્થાનમાં બાડમેરમાં પથ્થરમાર હોળી રમાય છે.

(૫) મધ્યપ્રદેશની ભદોરિયા હોળી

યુવકો મનપસંદ યુવતી પર ગુલાલ છાંટે છે

(૬) છત્તીસગઢમાં બસ્તર જિલ્લામાં હોળીના પર્વે લોકો 'કામુની ષેડુમ' એટલે કે કામદેવનું પૂતળું બનાવી તેની સાથે એક યુવતીને પરણાવે છે.

(૭) શાંતિનિકેતનમાં હોળીને શાંત અને સાદગીપૂર્વક મનાવે છે.

(૮) મણિપુરમાં હોળી યાઓસાંગના નામે ઉજવવામાં આવે છે.

દરેક ગામમાં તળાવ, નદી કિનારે નાની ઝૂપડી (જેને સ્થાનિકો યાઓસાંગ કહે છે) બનાવે છે એને પૂજાઅર્ચના કરી સાંજે સળગાવવામાં આવે છે.

વિદેશોમાં પણ નેપાળ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, જર્મની, હંગેકી, આફ્રિકા, પોલેન્ડ, અમેરિકા, બેલ્જિયમ, રોમ, ગ્રીસ, સ્પેન, ચીન, સાઈબિરીયા, સ્વિડન, ઈંગ્લેન્ડ જેવા દેશોમાં વિવિધ સ્વરૂપે હોળી-ધૂળેટીનો તહેવાર ઊજવાય છે. જે રીતે ભારતમાં આ તહેવારનું ધાર્મિક આધ્યાત્મિક મહત્ત્વ છે તે રીતે વિદેશોમાં પણ તેમની ધાર્મિક, આધ્યાત્મિક અને સામાજિક પરંપરા જવાબદાર છે.

વસંતોમાં વિશ્વાસ રાખ્યો છે મેં
કદી પાન તૂટેલાં ગણતો નથી.

*- હંમેત શાહ*

પહેલાંના રાજા - મહારાજાઓ ખૂબ ઉત્સાહથી હોળી ઉજવતા હતા. મધ્યયુગમાં ભારત પર મોગલ શાસન હતું ત્યારે પણ મુસલમાન શાસકો અને હિન્દુ સાથે રહીને હોળી - ધૂળેટી ઉજવતા હતા.

હોળી-ધૂળેટી તો અશુભ પર શુભના વિજયનું પર્વ છે.
ખૂશ્બુ હજી છે બાકી જો સુંઘી શકો મને,
હું પાનખર નથી - હું વીતેલી વસંત છું

*- મરીઝ*

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કંઈ નથી, પગલાં વસંતનાં

*- મનોજ ખંડેરિયા*

કહેજો પાનખરને પંથ બદલાવે,
હું માણસ છું, વસંતોથી સવાયો છું

*- દિલેર બાબુ*

હોળીના દિવસે ઘણાં ગામડાઓમાં અને શહેરોમાં લોકો શ્રદ્ધાથી ધગધગતા અંગારાઓ ઉપર ચાલે છે. જલન માતરીનો એક શૅર યાદ આવે છે -

શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર
કુરાનમાં તો કયાંક પૈયગંબરની સહી નથી

'હોલી આઈ રે કન્હાઈ હોલી આઈ રે...' મધર ઈન્ડિયાના મશહૂર ગીતની સાથે ભારતીય ફિલ્મોમાં પણ હોળીનું આકર્ષણ રહ્યું છે.

આવા કલરફૂલ ઉત્સવમાં આપણે સૌ ગમતાને કરીએ ગુલાલ.

### સમાચાર ઝલક

- સ્ટીલ આયાતના નિયમો હળવાં થતાં તેજી આવશે.
- યુક્રેનની કટોકટીથી ભારતમાં ઘઉંનાં ભાવ વધશે.
- અમેરિકામાં ૪૦ વર્ષથી ઓછી વયવાળા બે ભારતીયો મોટી કંપનીમાં સી.ઇ.ઓ. થયા.
- જન્મતારીખમાં સુધારો કરવાનો હુકમ આપવા સિવિલ કોર્ટને સત્તા છે.
- ઇશરત કેસમાં અમિત શાહ અને કે.આર. કૌશિકને આરોપી બનાવવા અરજી.
- છોટા ભીમ, એન્ગ્રી બર્ડ, ડોરેમોનની પિંચકારીઓ બાળકોમાં હોટ ફેવરીટ.
- ગેસનાં ભાવ વધારા માટે સરકારને મંજૂરી આપવા ચૂંટણીપંચ લગભગ મંજૂર.
- ચૂંટણીમાં કાળા નાણાની હેરાફેરી રોકવા ૭૦૦ અધિકારીઓ બાજ નજર રાખશે.
- ચૂંટણીમાં રૂા. ૩૦,૦૦૦ કરોડ ખર્ચાશે, અર્થતંત્રમાં નવો પ્રાણ પુરાશે.
- ઓબામાની લોકપ્રિયતામાં ઘટાડો, ૫૪ ટકા અમેરિકનો નારાજ.
- ફિલ્મ 'નૂર' ઉપર મુસ્લિમ દેશોમાં પ્રતિબંધ.
- તા.૩૧મી માર્ચ કે.વાય.સી. નહિ ભરેલ હોય તો બેંક ખાતા બંધ કરાશે.
- નવી નોકરીમાં સેલેરી એકાઉન્ટ જૂનું રાખી શકાશે.
- પાટણની મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને કપડાં કઢાવી રેંગીગ કરાતાં ખળભળાટ.
- હોળી-ચૂંટણીના કારણે કારીગરોની અછત થવા લાગી.
- લાલુપ્રસાદ યાદવના ઘરે જયોતિષિઓ તથા તાંત્રિકોનો મેળાવડો.
- રણવીર-કેટરીના અને વિરાટ-અનુષ્કાનો શ્રીલંકામાં પડાવ.
- ગુજકેટ-૨૦૧૪ની પરીક્ષા ૮મી મેના દિવસે યોજાશે.
- પાલીતાણામાં શેત્રુંજય પર્વતની છ ગાઉની યાત્રાનો પ્રારંભ.